## પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

### (1) સરકારની જરૂર શા માટે છે?

- (1) દરેક દેશને જુદા જુદા નિર્ણયો લેવા માટે તેમજ એ નિર્ણયોનો અમલ કરવા માટે સરકારની જરૂર છે. (2) દરેક દેશમાં બંધારણ અનુસાર કાયદા બનાવવા, તેમને અમલમાં મૂકવા તેમજ તેમાં સુધારા કરવા સરકારની જરૂર છે. (3) સરકારે બનાવેલા કાયદા અને નિયમો દેશના બધા લોકોને સમાન રીતે લાગુ પાડવા માટે સરકાર જરૂરી છે. (4) લોકશાહીમાં લોકોની ઇચ્છા મુજબ વહીવટ ચલાવવા સરકારની જરૂર પડે છે. સરકાર જ લોકકલ્યાણનાં કાર્યો કરે છે.
- આમ, દેશમાં શાંતિ, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તેમજ દેશની પ્રગતિ માટે સરકારની જરૂર છે.

### (2) સરકારના મુખ્ય પ્રકાર કેટલા અને કયા કયા છે?

- સરકારના મુખ્ય ત્રણ પ્રકાર છે : (1) લોકશાહી સરકાર, (2) સામ્યવાદી સરકાર અને (3) રાજાશાહી સરકાર,

### (3) દુનિયામાં સરકારના મુખ્યત્વે કેટલા પ્રકાર જોવા મળે છે?

- દુનિયામાં સરકારના મુખ્યત્વે ચાર પ્રકાર જોવા મળે છે : (1) લોકશાહી સરકાર, (2) સામ્યવાદી સરકાર, (3) સરમુખત્યારશાહી સરકાર અને (4) રાજાશાહી સરકાર.

### (4) આપણા દેશમાં ક્યા પ્રકારની શાસનવ્યવસ્થા જોવા મળે છે? અથવા આપણા દેશમાં કયા પ્રકારની સરકાર છે ?

- આપણા દેશમાં સંસદીય લોકશાહી શાસનવ્યવસ્થા છે.

## પ્રશ્ન 2. યોગ્ય જોડકાં જોડો :

| વિભાગ ‘અ’ | વિભાગ ‘બ’ |
|---|---|
| (1) રાજ્ય સરકાર | (1) એક જ વ્યક્તિ શાસન કરે છે. |
| (2) સ્થાનિક સરકાર | (2) સમગ્ર દેશમાં કાર્યભાર સંભાળે છે. |
| (3 ) રાષ્ટ્રીય સરકાર | (3) ગામ કે શહેર માટે કાર્યભાર સંભાળે છે. |
| (4) રાજાશાહી સરકાર | (4) સમગ્ર રાજ્યમાં કાર્યભાર સંભાળે છે. |

- (1 - 4), (2 - 3), (3 - 2), (4 - 1).

## પ્રશ્ન3. યોગ્ય કારણો આપો:

### 1. લોકશાહીમા  લોકોને કેન્દ્રસ્થાને મનાય છે.

- અબ્રાહમ લિંકને લોકશાહી ની વ્યાખ્યા આ પ્રમાણે આપેલ છે : લોકશાહી સરકાર એટલે લોકોનું, લોકો માટેનું અને લોકો વડે ચાલતું તંત્ર. (Government of the people, for the people and by the people)લોકશાહીમાં લોકો મતદાન દ્વારા પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે. એ પ્રતિનિધિઓમાંથી દેશના વહીવટ માટે સરકારની રથના કરવામાં આવે છે. માટે ઈચ્છા લોકોની (લોકમત) અનુસાર દેશનો વહીવટ કરવી પડે છે. જો, સરકાર લોકોની ઈચ્છા મુજબ વહીવટ કરતી નથી તો લોકો આગામી ચૂંટણીમાં તેને ફરીથી દેશનો વહીવટ સોંપતિ નથી. આમ, લોકશાહીમાં સરકારની રચનામાં લોકોનું જ સાર્વભૌમત્વ પૈવાણી કહી શકાયું કે, લોકશાહીમાં લોકોને કેન્દ્રસ્થાને મનાય છે.

### (2) લોકોના અધિકાર રાજાશાહીમાં જણાવાતા નથી.

- રાજશાહીમાં વ્યક્તિકેન્દ્રી શાસન હોય છે. તેમાં રાજાનું પદ વારસાગત હોય છે. રાજાશાહીમાં લોકોને પોતાનો શાસક ચૂંટવાનો અધિકાર હોતો નથી. રાજાશાહીમાં સર્વ સત્તા રાજાના હાથમાં હોય છે. તેમાં રાજાની ઈચ્છા એ જ કાયદો હોય છે. રાજાએ લીધેલા નિર્ણયો આખરી ગણાય છે. તેથી રાજાશાહીમાં લોકોના અધિકારી જળવાતા નથી.

### (3) સરકાર કાયદામાં ફેરફાર કરે છે.

- લોકશાહીમાં દેશના વહીવટ માટે લોકોએ ચૂંટેલા પ્રતિનિધિમાંથી સરકારની રચના થાય છે. સરકારે બંધારણને કેન્દ્રમાં રાખીને, લોકોની ઈરછા -લોકમત-અનુસાર લોકહિત માટે જરૂરી કાયદા પડે છે. લોકશાહીમાં જો લોકમત બદલાય તો સરકારે ઘડેલા કાયદામાં, સરકારે અમલમાં મુકેલા કાયદામાં ફેરફાર કરવા પડે છે. લોકશાહીમાં સરકાર કાયદામાં ફેરફાર કરવાની સત્તા ધરાવે છે. આથી સરકાર કાયદામાં ફેરફાર કરે છે.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો?

1. લોકશાહીમાં લોકોના હાથમાં સત્તા છે. **- ખરું**

2. રાજાશાહી શાસક ચૂંટણી વગર પસંદ થાય છે. **- ખરું**

3 . અદાલત સરકારને વિવિધ મુદાઓ માટે સુચન કે આદેશ કરી શકે છે. **- ખરું**